

# શૈશવ વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૨૧ - ૨૦૨૨

શૈશવ



# સ્વસ્થ બાળક...
# સ્વસ્થ માનવ...
# સ્વસ્થ સમાજ...

## અમારું ધ્યેય

દરેક બાળકને તમામ અધિકાર સમાન રીતે મળે.

## અમારી દ્રષ્ટિ

શાંત, સમૃધ્ધ, ન્યાયપૂર્ણ અને માનવીય સમાજની પાયાની સંકલ્પના સાથે દરેક પોતાની વ્યક્તિગત ક્ષમતાઓના ઉચ્ચતર વિકાસ દ્વારા સ્વાવલંબી બને, સમાજના સાતત્યપૂર્ણ વિકાસમાં યોગદાન આપે તેવા જવાબદાર નાગરિક બને.

શૈશવ





## ટ્રસ્ટી મંડળ

શ્રી ફાલ્ગુન શેઠ

શ્રી પારુલ શેઠ

શ્રી નિમિષા દેસાઇ

ડો. પંકજ શાહ

ડો. એસ. શ્રીધર

શ્રી અનિતા શાહ

શ્રી સંજય દેસાઈ

શ્રી સંગીતા ગરત

ડો. પારસ મહેતા


## સંસ્થા મુખ્ય કાર્યાલય :

**શૈશવ**

બ્લોક નં. 3, બીજે માળે, બી-વિંગ,
સરદાર પટેલ મ્યુનિ. શોપીંગ સેન્ટર,
સરદારનગર સર્કલ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.
ફોન : ૦૨૭૮ ૨૫૬૮૫૬૧, ૯૩૭૬૪૨૮૫૬૭
E-mail : info@shaishavchildrights.org
Web.: shaishavchildrights.org

## નર્મદા જિલ્લા કાર્યાલય :

**આરણ્યક કાર્યક્રમ**

C/o શ્રી સુરેન્દ્રભાઈ માસ્તરનું મકાન, બેડા કંપની બજારમાં,
મુ. પો. થવા (નેત્રંગ-ડેડીયાપાડા રોડ),
તા. નેત્રંગ
ફોન :- 7916561228

## રજી. ઓફિસ :

**શૈશવ,**

આઈ/1003, ઇન્દ્રપ્રસ્થ,
ડ્રાઈવઈન થિયેટર પાસે ,
થલતેજ રોડ, અમદાવાદ.

- સંસ્થાને મળતું દાન ઈન્કમટેક્ષ એકટ હેઠળ ૮૦ (જી)(૫) મુજબ ૫૦ % કરમુક્તિને પાત્ર છે.
- સંસ્થાને વિદેશી સહાય મેળવવા માટે જરૂરી મંજૂરી મળેલી છે.

શૈશવ

## વિહંગાવલોકન

૨૦૨૦-૨૧નું વર્ષ કોરોના મહામારીને લીધે અભૂતપૂર્વ કટોકટીનું બની રહ્યું હતું. સમગ્ર દુનિયા હચમચી ગઈ હતી પણ આશા હતી કે આગામી વર્ષ સારું ઉગશે પણ એપ્રિલ-૨૦૨૧થી શરુ થતું નવું વર્ષ સૌને વિશેષ કંપાવી ગયું! કેટલાય કુટુંબોએ પોતાના મોભી ગુમાવ્યાં, તો કેટલાય બાળકો નિરાધાર બન્યા તો વળી માતા અથવા પિતા બેમાંથી એકને ગુમાવ્યાં! કેટલાય યુવાનોને ગુમાવ્યા..લાચારી...પરવશતા અને અસ્તિત્વનો સંઘર્ષ કેટકેટલા મોરચે થયો-અનુભવ્યો! મૃત્યુની મર્યાદા કે આદર પણ ન આપી શકાય તેવી કારમી સ્થિતિ બની રહી. જો કે ઓગસ્ટ-સપ્ટેમ્બર પછી પરિસ્થિતિ હળવી થવાની શરૂઆત થઇ!

સ્વાભાવિક છે કે ગત વર્ષની જેમ આ વર્ષ પણ શૈશવનું કાર્ય શરૂઆતમાં સ્થગિત રાખવું પડ્યું. જો કે વચ્ચે વચ્ચે પૂરતી કાળજી સાથે બાળકોના શિક્ષણ-સુરક્ષાના પ્રશ્નોને ધ્યાનમાં લઇ ક્યારેક ઓનલાઈન તો વળી નાના-નાના બે-ત્રણ બાળકોના જૂથમાં ટેબલેટ જેવા ટેકનોલોજીના માધ્યમથી શૈક્ષણિક કાર્ય કરતા રહ્યાં, બાળકોને પ્રવૃતિમય રાખતાં ગત વર્ષની જેમ આ વર્ષે પણ બાળકો પોતે શીખતા રહે-પ્રવૃત્તિ કરતા રહે તે માટે પ્રવૃત્તિપોથી ભાગ-૨ વિકસાવી. ભાવનગર ઉપરાંત નર્મદા જીલ્લાના પ્રોજેક્ટ વિસ્તારના ગામોમાં બાળકોને તેમ જ અન્ય કેટલીક સંસ્થાઓને વિતરણ કરી હતી.

દિવ્યભાસ્કર ફાઉન્ડેશન તથા ગુંજ સંસ્થા, દિલ્હીના સહયોગથી અતિ જરૂરિયાતવાળા ૪૦૦ કુટુંબોને રેશનકિટનું વિતરણ કર્યું તો વળી બેંગ્લોરની ક્રિપ્ટો રિલીફની મદદથી ૩૨૦૦ જેટલી હાઈજીન કિટનું વિતરણ પણ બાળકોમાં કર્યું હતું.

બાળકો માટેની ૨૪૭ ચાઈલ્ડ હેલ્પલાઈનનું કાર્ય શરૂ હતું. સંસ્થાના દરેક કાર્યકરો આ સંજોગોમાં બાળકોની સુરક્ષા માટે કટિબદ્ધ રહ્યાં.

જો કે અભૂતપૂર્વ કાર્ય એ કર્યું કે જ્યારે કોરોનાના લીધે ક્યાંક કુટુંબોના મોભી છીનવાયા, ક્યાંક બાળકો નિરાધાર બન્યા કે માતા-પિતા, બેમાંથી એકને ગુમાવ્યા હોય તેવા કુટુંબોની શોધખોળ કરવાનું! એક તરફ આ પ્રકારના ડેટા ઉપલબ્ધ થતા ન હતા, ત્યારે અમે નવીન રસ્તો અપનાવ્યો. દૈનિક સમાચારપત્રોમાં છપાતી મૃત્યુનોંધોને આધારે કેટલાક માપદંડો વિકસાવીને તેના આધારે મુલવણી કરી જે તે કુટુંબનો અમારી ટીમો દ્વારા એમના દુ:ખમાં સહભાગી થવાના પ્રાર્થનામય ભાવ સાથે સંપર્ક શરૂ કર્યો. માહિતી એકત્ર થાય, વર્ગીકરણ થાય...અને પછી તૈયાર કરેલી માહિતી જિલ્લા બાળ સુરક્ષા વિભાગ, બાળ કલ્યાણ સમિતિ વગેરેને સોંપી કે આ અંગે કંઈક કરવું જોઈએ. જો કે ત્યારે સરકારશ્રી દ્વારા કોઈ યોજનાઓ જાહેર થઇ ન હતી. પરંતુ આ માટે અમે સરકારના જુદાં-જુદાં વિભાગોને પત્રો પણ લખ્યાં, સરકાર દ્વારા પણ બાળકો માટેની યોજનાઓ જાહેર થઇ, ત્યારે માહિતી અગાઉથી તૈયાર હોવાથી જિલ્લા સ્તરેથી તુરંત તેનો અમલ શરૂ થયો! આમ એક નાનકડી પણ મહત્વની પહેલ કેટલાય કુટુંબ-બાળકો માટે આશીર્વાદરૂપ નીવડી. અમને ક્યાંક તકલીફ પણ પડી. એમાં ય જે કુટુંબો દુ:ખમાં ગરકાવ હોય ત્યારે આ માહિતી ભેગી કરવી એ પણ અમને અજુગતું લાગતું હોવા છતાં પ્રેમ અને સમજણપૂર્વક કુટુંબના જ એક સભ્ય છીએ તેવી રીતે તેઓના દુ:ખ-દર્દમાં સહભાગી થવાથી અમે આ કામ કરી શક્યા હતા, આપણે આ પ્રયાસની વાત અન્ય જિલ્લાઓમાં અન્ય સંસ્થાઓને પણ કહી હતી, તેઓએ પણ આ પ્રકારે માહિતી એકત્ર કરવાનું શરૂ કર્યું હતું. સરકારી તંત્ર તરફથી હકારાત્મક પ્રતિસાદ મળતા કેટલાંય કુટુંબો – બાળકો સચવાઈ ગયા! સૌ સાથે મળીયે તો સુંદર કાર્ય થઇ શકે એનું ઉદાહરણ ઉભું થયું. આ અંગેની આંકડાકીય માહિતી અહેવાલમાં આગળ ઉપર આપી છે.

ગત વર્ષે બાળકોને માસ પ્રમોશન આપવામાં આવ્યું હતું, બાળકોના ધોરણ બદલાતાં, અન્યત્ર સ્થળાંતર કરી જતા બાળકોની સંખ્યા ઉપર પણ અસર થઇ હતી. બાળકો સાથે તેઓના વિસ્તારમાં-ઘર આંગણે નાના-નાના જૂથમાં ટેબલેટના ઉપયોગથી શિક્ષણકાર્ય તથા અન્ય પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી રહી હતી. સરકાર દ્વારા ઓનલાઈન શિક્ષણનો વ્યાપ અગાઉ કરતા વધ્યો છે, ઘણા કુટુંબોએ આર્થિક રીતે મુશ્કેલી હોવા છતાં બાળકોના શિક્ષણને ધ્યાનમાં રાખી સ્માર્ટફોન ખરીદ્યા હતા.

આપણા શુભેચ્છક ઇન્દિરાબહેન હિરવેના સહયોગથી પ્રાપ્ત થયેલ ટેબલેટ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયોગ, દ્વિપક્ષી સંવાદ અને વાતાવરણને કારણે, વિશેષ તો કાર્યકર અને બાળકો વચ્ચે સબંધ રચવામાં સફળ બની રહ્યો છે. આ અંગેની વધુ માહિતી પાછળ આપી છે. આમ ટેબલેટ દ્વારા શિક્ષણનો પ્રયોગ ભાવનગર અને નર્મદા જિલ્લાના ગામોમાં શરૂ રાખ્યો છે.

અગાઉ વાત કરી તેમ બાળકો સાથે પ્રવૃત્તિઓ પ્રમાણમાં મર્યાદિત રીતે થતી હતી એટલે અમે આ સમયનો ઉપયોગ કરી શૈશવ-બાલસેના સાથે જોડાયેલા બાળકો સાથે Need Assesment – અભ્યાસ કરવાનું આયોજન કર્યું. બાલસેના હવે ૨૦ વર્ષની થશે. તેને ધ્યાનમાં લઇ બાળકો સાથે તેની ઉપયોગિતા, જીવનમાં શું અસર આવી, કેવી પ્રવૃત્તિઓ ગમી, કઈ પ્રવૃત્તિઓ ન ગમી ત્યાંથી લઇ આગળ શું કરવું જોઈએ વગેરે મુદ્દાઓને લઇ બાળકો ઉપરાંત તરુણો, માતા-પિતા, વિસ્તારના આગેવાનો-શિક્ષકો સાથે જૂથચર્ચા વડે સમગ્ર કાર્યને સમજવાનો પ્રયત્ન કર્યો. વધુ વિગતો આગળ અહેવાલમાં બાલસેના વિભાગમાં આપી છે.

ભાવનગરની જેમ નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં શરુ થયેલ “આરણ્યક” કાર્યક્રમને પણ કોરોના મહામારીને લીધે અસર તો થઇ જ હતી. આશ્રમશાળામાં શરુ થયેલ કાર્ય અટકી

ગયું હતું, ગામમાં પણ પ્રાથમિક શાળાઓ બંધ હતી. પરંતુ અમે ત્રણ-ચાર બાળકોના નાના-નાના જૂથમાં બાળકો સાથે શિક્ષણ અને પ્રવૃત્તિઓ શરૂ રાખી હતી. જેથી બાળકોમાં લાંબાગાળાની નકારાત્મક અસરો ઓછી રહે. જો કે થોડાં સમય પછી પ્રાથમિક શાળાના શિક્ષકોએ પણ ફળિયા શિક્ષણ શરૂ કર્યું હતું.

શૈશવના શુભેચ્છક વડોદરાના ડો.અક્ષયભાઈ ઉપાધ્યાય અને તેઓના સાથીમિત્રોના ઉમદા સહયોગ વડે આરણ્યક કાર્યક્રમ હેઠળના સામરપાડા, પોમલાપાડા અને ઘોડી – આ ત્રણ ગામમાં બાળરોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યા હતા, જેનો બહોળી સંખ્યામાં બાળકોએ લાભ લીધો હતો. કેમ્પના સ્થળે બાળકોની આરોગ્ય તપાસ તો થાય પણ સાથોસાથ આરોગ્ય શિક્ષણ થાય તેમજ બાળકો પ્રવૃત્તિમય રહે તે માટે ફિલ્મ અને પ્રવૃત્તિઓ પણ ગોઠવવામાં આવી હતી. ગામ લોકોનો પણ ઉમદા સહયોગ મળ્યો હતો. આ બાળકોના સ્વાસ્થ્યનું વિશ્લેષણ કરતાં લગભગ ૫૦% ઉપરાંત બાળકો એનિમિક હતાં, તો વળી દાંતના રોગોની વિશેષ તકલીફ જોવા મળી હતી. આ અંગે હવે આગળ આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

સામરપાડા અને પોમલાપાડા – આ બે ગામમાં શિક્ષણના નવતર પ્રયોગ તરીકે “વનશાળા” શરૂ કરવામાં આવી છે. જ્યાં બાળકો પોતે જાતે નક્કી કરે કે શું શીખવું છે, કેવી રીતે શીખવું છે અને તેના માટે સ્વયં નેતૃત્વ લે. આ કાર્યક્રમ પણ હવે સુંદર આકાર લઇ રહ્યો છે.

સંસ્થામાં બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર કાર્યરત છે અને તેના નેજા હેઠળ અનેકવિધ તાલીમો શૈશવના કાર્યકરો ઉપરાંત અન્ય સંસ્થાના કાર્યકરો કે બાળકો સાથે યોજાતી રહે છે. આ ઉપરાંત શૈક્ષણિક સાધન સામગ્રી તથા નવીન પ્રવૃત્તિઓ વિકસાવવામાં આવતી હોય છે. બાળકો સ્વયં શિક્ષણ-કેળવણી મેળવતા રહે તે માટે લગભગ ૧૦૦ ઉપરાંત પ્રવૃત્તિઓ સાથેની પ્રવૃત્તિપોથી ભાગ-૨ વિકસાવવામાં આવી.

વિશેષમાં સંસ્થાના આગામી પાંચ વર્ષના કાર્ય-આયોજન કેવા હોવાં જોઈએ તેના માટે સ્ટ્રેટેજીક પેપર પ્લાનિંગ તૈયાર કરવામાં આવ્યું. આ માટે કોમિકરિલીફ, યુ.કે.ની મદદથી કન્સલટન્ટ શ્રી સારા લુડકેનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત સંસ્થાના કાર્યને વધુ જવાબદેહી પારદર્શક તથા વહીવટ-સંચાલનને મજબૂત કરવા માટે સંસ્થાની કોર ટીમના સભ્યોએ ધ્વનિ ફાઉન્ડેશન, બેંગ્લોર દ્વારા તાલીમ અને માર્ગદર્શન મેળવી સંસ્થાને વધુ સુસજ્જ કરવાનું કાર્ય કર્યું હતું.

શૈશવના કાર્યકરોની સુસજ્જતા માટે બાળ અધિકારો, બાળકોના કાયદાઓ, જીવન કૌશલ્યો, ઓનલાઈન સેફટી, કિશોરાવસ્થામાં થતા ફેરફારો કે બાળકો માટેની અનેકવિધ પ્રવત્તિઓ અંગેની તાલીમો સંસ્થાના સિનીયર કાર્યકરો દ્વારા તેમજ બહારના નિષ્ણાંતોની મદદથી યોજવામાં આવી હતી. આ તાલીમો ઓનલાઈન તથા પ્રત્યક્ષ બંને સ્વરૂપમાં યોજવામાં આવી હતી.

શૈશવના બાલદોસ્ત અને વૈકલ્પિક કેળવણીના ક્ષેત્રે કાર્ય કરતા સોનીકાબહેને સંસ્થાના કોર ગ્રુપ સભ્યો સાથે સંસ્થા વિકાસ, વ્યક્તિ વિકાસના મુદ્દાઓને લઈને માર્ગદર્શક વર્કશોપ કર્યો હતો, તેમજ આરણ્યક કાર્યક્રમના વિકાસ માટે નર્મદા જીલ્લાના કાર્યક્ષેત્રમાં રોકાઈ વિશેષ યોગદાન આપ્યું હતું. વધુ વિગતો પાછળ આપી છે.

શૈશવ દ્વારા અન્ય સંસ્થાના કાર્યકરોને બાળકોના અધિકાર, બાળમજૂરી અંગેનો કાયદો, બાળ પ્રવૃત્તિઓ, કિશોરાવસ્થામાં થતા ફેરફારો, જીવન કૌશલ્યો તથા કિશોરીઓમાં સ્વરક્ષણ અંગેની વિશેષ વેનલીડો તાલીમ, બાળકોના વિવિધ કાયદામાંથી લઈને છોકરીઓના રમવાના અધિકાર વિષે શેરીનાટક અંગેની તાલીમો આપવામાં આવી હતી.

સંસ્થાના વિકાસમાં આર્થિક યોગદાન પણ મહત્વનું પરિબળ છે. કોરોનાના કારણે આર્થિક સહયોગ મેળવવાનો પડકાર પણ સવિશેષ હતો. તેમ છતાં સૌના ઉમદા સહયોગ અને પ્રેમના કારણે સંસ્થાની પ્રવૃત્તિઓ સાતત્યપૂર્ણ રીતે ચાલતી રહી છે.

આ કપરા સમયમાં સંસ્થાના કાર્યમાં સતત યોગદાન આપનાર શૈશવની ટીમના સભ્યો, દાતાઓ, શુભેચ્છકો અને મિત્રો તથા સરકારી વિભાગોના અધિકારીઓ, સૌના આભારી છીએ.

કોરોનાએ સર્જેલા પડકાર વચ્ચે આપણે આ વર્ષ ઘણું દુ:ખ અને નિરાશાઓમાં પસાર કર્યું. તેમ છતાં સંસ્થા અને કાર્યકરોએ અને ખાસ તો સંસ્થા સાથે જોડાયેલાં બાળકો પડકારમાંથી બહાર આવી રહ્યાં છે ત્યારે આવનારું વર્ષ આપણાં સૌ માટે શુભ રહે અને આપણે પહેલાં જેવા જ ઉમંગ અને ઉત્સાહ સાથે કામ કરી શકીએ તેવી પ્રાર્થના.

'સદભાવનથી જ શાંતિ છે, સર્વની અને સર્વત્ર
- ઉતર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમમાં.'

- લેક વાલેસા

શૈશવ

# બાલસેના

શૈશવ પ્રેરિત બાલસેના એટલે “બાળકો સાથે, બાળકો માટે, બાળકોથી ચાલતું સંગઠન”. બાળકો આ સંગઠનમાં જોડાયને પોતાના અધિકારોથી પરિચિત થાય છે. બાલસેના એટલે “તમામ બાળકોને તમામ અધિકાર, સમાન અને સતત રીતે મળતા રહેPt બાળકોમાં સંસ્કારનું સિંચન અને વર્તમાન સમયના પ્રશ્નોના નિરાકરણની આવડત, જીવન કૌશલ્યની તાલીમ£ બાળક પોતાનામાં થતા શારીરિક, માનસિક, સાંવેગિક ફેરફારોની સમજ કેળવી શકે, દરેક બાળક પોતાના વિચારોની અભિવ્યક્તિ કરી શકે, બાળક બાળપણને માણી શકે અને સાચા બાળપણને જાણી શકે, બાળપણની ખોજ માટેના આ નિરંતર પ્રયત્નો છેલ્લાં ૧૯ વર્ષોથી શરુ છે.

કોરોનાએ બાળકોના જીવન પર વ્યાપક અસર કરી. શિક્ષણ-અભ્યાસ સ્થગિત થયું, સામાજિક જીવન છીનવાયું, ઓનલાઈન અભ્યાસનો અનુભવ મિશ્ર રહ્યો. શિક્ષણ એકાંગી બન્યું. મોબાઈલ અને ટેકનોલોજીના પ્રશ્નો, સ્માર્ટફોન હોય-ના હોય અને ક્યારે બાળકના હાથમાં આવે! સાથે મળીને શીખવાનું બંધ થયું. માસ પ્રમોશન થયાં...કોરોના કુટુંબમાં વ્યાપક અસર કરી ગયો. ક્યાંક કોઈનો આધાર છીનવાયો, ઓચિંતા જવાબદારી અને 'હવે પછી શું' નો પ્રશ્ન વિકરાળ બની સાથે ઉભો રહી ગયો! આ બધામાં બાલસેના સાથે જોડાયેલા બાળકો કઇ બાકાત રહે ખરા!

પરિસ્થિતિ જ્યારે અત્યંત કપરી હતી, ત્યારે સંસ્થાના કાર્યકરોએ બાળકો સાથે ફોન અને અન્ય માધ્યમોથી સંપર્ક જાળવી રાખ્યા હતા, તો વળી ખરેખર મુશ્કેલીમાં હોય તેવા કુટુંબોની માહિતી પણ તેને લીધે મળી રહેતી હતી. વિસ્તારોમાં જરૂરિયાતમંદ કુટુંબોને શોધવા, સહાય પહોંચાડવામાં પણ બાલસેનાના બાળકોએ ઉમદા સેવાઓ આપી હતી.

સપ્ટેમ્બર'૨૧ પછી જ્યારે પરિસ્થિતિ થાળે પાડવાની શરુ થઇ. ત્યારે અમે પણ બાળકો સાથેની પ્રવૃત્તિઓ વધારી હતી. તેની અગાઉ બાળકોને નાના-નાના જૂથમાં ટેબલેટના માધ્યમથી શિક્ષણ અને અન્ય પ્રવૃત્તિઓ કરાવતા રહ્યાં હતાં.

ગત વર્ષે બાળકો સ્વયં જવાબદારી લઇ શીખી શકે, પ્રવૃત્તિઓ કરી શકે તેવી બાળ પ્રવૃત્તિપોથી ભાગ-૧ બનાવ્યો હતો. તેવો જ પ્રવૃત્તિપોથીનો બીજો ભાગ બનાવી બાળકોને વિતરણ કરવામાં આવ્યો.

બાલસેના જોતજોતામાં ૧૮ વર્ષ પૂરા કરી ૧૯માં વર્ષમાં આગળ વધી રહી છે. થયું કે આપણે થોડા લેખા-જોખા કરીએ. બાળકો અને આજનો ટેકનોલોજીકલ યુગ અને તેમાં નવા પડકારોમાં આપણી પ્રવૃત્તિઓની અસરકારકતા, બાળકોના સોશ્યલ મિડીયા સાથેના એક્સપોઝર અને તેઓમાં આવેલ બદલાવ, નવી અપેક્ષાઓ-સમજ વગેરેને જાણવા પ્રયત્ન કરવો જોઈએ.

## બાળકો સાથે હાથ ધર્યો અભ્યાસ...આગળના આયોજન માટે

બાલસેનામાં થતી અનેકવિધ પ્રવૃત્તિઓની અસરકારકતાને જાણવા તેમજ વ્યાપક સમાજમાં બદલાતા જતા પ્રવાહોની બાળક પર કેવી અસરો થઇ રહી છે. મોબાઈલ ટેકનોલોજી કે ગ્રાહકવાદની-બજારની બાળકો પર થતી અસરોના અનુસંધાનમાં શૈશવના કાર્યોમાં શું બદલાવ કરવો જરૂરી છે આ બધું સમજવું જરૂરી હતું. તેમાં વળી કોરોનાને લીધે વ્યાપક પ્રશ્નો ઉભા થયાં હતા. તેને ધ્યાનમાં લઇ અમે નાનકડો અભ્યાસ હાથ ધરવાનું નક્કી કર્યું.

## પ્રક્રિયા

જે વિસ્તારમાં હાલમાં અમે કામ કરીએ છીએ તે વિસ્તારો અને જુના સમયમાં વિસ્તારો કે જેમાં બાલસેના કામ કરી રહી હતી, તે વિસ્તારોમાં આ મૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું, જેમાંથી કુલ ૧૨ વિસ્તારો પૈકી ૮ વિસ્તાર કે જ્યાં હાલમાં બાળકો સાથે કામ થાય છે અને બાકીના ૪ એવા કે જ્યાં હાલમાં બાળકો સાથે કામ થતું નથી તે પસંદ કર્યા. આ ઉપરાંત બાળકોના વાલીઓ, શિક્ષકો, ભૂતપૂર્વ બાળકો વગેરેને પણ આ અભ્યાસમાં આવરી લીધાં હતાં.

આ અભ્યાસમાંથી મળેલ તારણો જોઈએ:

(૧) બાળકો સાથેની જૂથચર્ચામાંથી મળેલ તારણો નીચે મુજબ છે:

- બાળકો વ્યસનથી દૂર થયાં.
- સ્વયંશિસ્ત વિષે બાળકો જાગૃત થયાં.
- પુસ્તકમાંથી વાંચતા થયાં.
- બચતનું મહત્વ સમજી બચત કરતા થયાં.
- બાળ અધિકાર સમજતા થયાં.
- બાળકો પ્રશ્નો પુછવા માટે નીડર બન્યા છે.

- અન્ય લોકો સાથે વાતચીત કરવાનું કૌશલ્ય વિકસ્યું.
- ભાવનગર શહેરની ભૌગોલિક પરિસ્થિતિ વિષે જાણવા મળ્યું.
- બાળકોના જીવન ઘડતરમાં બાલસેનાની મુખ્ય ભૂમિકા છે.
- બાલસેનાની પ્રવૃત્તિઓ શાળા સુધી પહોંચી છે.
- ઘરની જવાબદારી લેતા થયાં.
- પોતાનું રક્ષણ કરતા થયાં.
- પોતાની જાતે નિર્ણય લેતા થયાં.
- પોતાના પ્રશ્નો રજુ કરતા થયાં.
- નેતાની પસંદગી કરતા થયાં.

(૨) વાલીઓ સાથેના સંવાદમાંથી બાળકોમાં આવેલ ફેરફાર અંગે તેઓના મંતવ્યોના તારણો આ પ્રમાણે છે:

- નાની ઉંમરે બાળકો જવાબદારી લેતા થયાં.
- વેનલીડોની તાલીમ દ્વારા એકલા આવતા જતા થયાં.
- લીડરશીપ કેવી રીતે લેવી તેની સમજણમાં વધારો થયો.
- બાળકો અભ્યાસ તરફ વધુ ધ્યાન દેતા થયા.
- બધાને સહભાગી કરતા થયાં.
- પોતાના જીવનના નિર્ણયો જાતે લેતા થયાં.
- છોકરીઓએ પોતાની જાતે પગભર ઉભા થઈને પોતાનું સન્માન વધાર્યું.
- આત્મવિશ્વાસ વધ્યો.
- ભેદભાવ દુર થયો.
- સ્વયંશિસ્તમાં રહેતા થયા.
- પોતાના પ્રશ્નોનું નિરાકરણ કરતા થયાં.
- કુટુંબમાં બાળકોની સહભાગિતા વધી.

(૩) શિક્ષકો સાથેની મિટિંગમાંથી બાળકો અંગે મળેલ પ્રતિભાવો નીચે મુજબ હતા:

- શિસ્ત અને વ્યવહાર સુધર્યા.
- કાર્યક્રમોનું આયોજન કરતા થયાં.
- બાલસેનામાંથી શીખેલી પ્રવૃત્તિઓ શાળામાં કરાવતા થયા.
- પોતાનું સ્વ-રક્ષણ કરતા થયાં.
- પોતાની જાતે પ્રશ્નો રજૂ કરતા થયાં.
- શાળામાં નિયમિતતા અને અન્ય નિયમોનું પાલન કરતા થયા. જેનાથી માતા-પિતા પણ ગૌરવ અનુભવે છે.
- લીડરશીપ લેતા થયાં.
- નિર્ણય શક્તિ વધી.
- બાળઅધિકારો વિષે જાણતા થયાં.

(૪) ભૂતપૂર્વ બાલસેનાના સભ્યો દ્વારા મળેલા અભિપ્રાય

- બાલસેનામાં બાળકના જોડાવાથી સારો નિર્ણય લઈ શકે છે આત્મવિશ્વાસ વધે છે આત્મસન્માન વધ્યું છે.
- બાળકો સાથેની પ્રવૃત્તિના સમયમાંથી અડધો સમય બાલસેનાની પ્રવૃત્તિ અને અડધો સમય શૈક્ષણિક પ્રવૃત્તિ કરાવવામાં આવે તો બાળકોને વધારે લાભ થઇ શકશે.
- બાલસેના દ્વારા હાલમાં અત્યારે અઠવાડિયામાં એક વખત બાળકો સાથે મુલાકાત થાય છે અને પ્રવૃત્તિ થાય છે પરંતુ તેના બદલે જો અઠવાડિયામાં બે કે ત્રણ વખત મુલાકાત કે પ્રવૃત્તિઓ થાય તો તેની અસરકારકતા વધશે અને નિયમિતતા બાળકોમાં નિયમિતતા આવશે.
- બચતનું મૂલ્ય સમજીને પૈસા બચાવતા શીખ્યાં અને જરૂરિયાત સમયે તેનો સદ્ઉપયોગ કરતા શીખ્યાં.
- બાલસેનામાં બચતની પ્રવૃત્તિ ચાલુ રાખવી જોઇએ જેનાથી નવા જોડાનાર બાળકોને તેની સમજ મળે અને બચતનું મૂલ્ય સમજાય.
- બાલસેનામાં રાત્રી રોકાણનાં કેમ્પ, સ્ટડી ટુર, પ્રવાસો ખૂબ જ ગમ્યાં અને તેમાંથી ઘણું શીખવા મળ્યું છે.
- બાલસેનામાં જોડાવાથી આગળ વધવાની ધગશ આવી અને જેમાં ઘરના સભ્યોએ પણ સાથ આપ્યો, ખાસ કરીને છોકરીઓને ભણવાની તક મળી કારણ કે આ બધા વિસ્તારો પછાત અને તક વંચિત છે, જેમાં વાલીઓ દ્વારા છોકરીઓને ભણાવવામાં ખૂબ ઓછું મહત્વ આપતા હતા, પરંતુ બાલસેનામાં જોડાવાથી એક વિશ્વાસ કેળવાયો અને છોકરીઓના ભણતરનું પણ મહત્વ છે, તેવું સ્વીકારતા થયાં છે.

શૈશવ

- વિસ્તારમાં બાલસેનાની પ્રવૃત્તિ માટે અમે અત્યારે લીડરશીપ લેવા માટે તૈયાર છીએ.
- બાલસેનામાં જોડાવાના કારણે અત્યારે છોકરીઓને બહાર એકલા આવવા જવાની મંજૂરી મળે છે અથવા આવવા-જવા દે છે.
- બાલસેનામાં જોડાવાના કારણે બાળકોમાં આત્મવિશ્વાસ વધ્યો છે નીડર બન્યા છે તેઓ વાલીઓને અહેસાસ થાય છે.
- બાલસેનામાં જોડાવાથી બાળકોના ઘરમાં રૂઢિચુસ્તતા અને કુરિવાજોમાં ફેરફાર થયા છે.

(૫) જૂથચર્ચામાં તારવેલા નકારાત્મક અસરો ધરાવતાં મુદ્દાઓ

- કેટલાક બાળકો મોબાઈલનો વધારે પડતો ખાસ કરીને સોશિયલ મીડિયા માટે ઉપયોગ કરે છે.
- ઓનલાઇન ભણવાનું નિયમિત આવે છે પણ વ્યક્તિગત કે ઘરના અમુક કારણોસર તે બાળકો ઓનલાઇન ભણી શકતા નથી વધારે પડતા બાળકો ટ્યુશનમાં જવાનું પસંદ કરે છે.
- વિસ્તારોમાં કોરોનાનો કોઈ જ પ્રકારનો ડર જોવા ન મળ્યો, સામાજિક અંતર કે માસ્ક પહેરવાનું ક્યાંય જોવા ન મળ્યું.
- બાળકોમાં મોબાઈલનો ઉપયોગ ઓછો કરવા માટે તેમના માટે હાથમાં કંઈક નવી પ્રવૃત્તિઓ વિકસાવવી જોઈએ.
- મોબાઈલનો વધુ પડતો ઉપયોગ કરવાથી બાળકો એકલતા અનુભવે છે એ પણ એક મુખ્ય કારણ હોઇ શકે છે.
- વિસ્તારોમાં ઝઘડા, હિંસા ઉપરાંત દારૂ, ગાંજો વગેરે જેવા વ્યસનોનું પ્રમાણ વધ્યું છે.
- ઘણા બધા એવા કુટુંબો છે કે જ્યાં ઓનલાઇન ભણવાનું મળતું નથી કારણ કે તે કુટુંબમાં સ્માર્ટફોન નથી.
- અમુક બાળકો ગેરમાર્ગે દોરાઈ રહ્યાં છે જેમકે જુગાર રમવા, દારૂ વેચવા વગેરે....
- કોરોના મહામારીના કારણે શાળા બંધ થઈ અને બાળકો મોબાઇલની લતે ચડી ગયા જેના કારણે બાળકોએ શાળા સિવાય અભ્યાસ અને ગેમ અને અન્ય મોબાઈલમાં ઉપયોગ કરવાનું શરૂ કર્યો જેનાથી તેમનો શાળા પ્રત્યે અરુચિ અને ભણવામાં અરુચિ દેખાઈ આવે છે.
- પોતાના બાળકોને હવેના સમયમાં શું શીખવવાની જરૂર છે. તે અંગે મોટા ભાગના વાલીઓ નિષ્ક્રિય છે.
- ઓનલાઇન અભ્યાસ માટે વધુ પડતા મોબાઈલના ઉપયોગને કારણે આંખોને નુકસાન થઇ રહ્યું છે.
- પબજી જેવી ઓનલાઇન ગેમ બાળકો જ્યારે રમે છે ત્યારે ગાળોનો ખૂબ જ ઉપયોગ કરે છે. પરંતુ બાલસેનાના બાળકો ગાળો બોલતા નથી અને મોબાઇલને મ્યુટ કરે છે એટલે ગાળો સંભળાતી નથી અને પોતે પણ બોલતા નથી.
- ટ્યુશનનો સમય શાળા પછી તરત જ હોવાને કારણે બાલસેનામાં આવવાનો સમય મળતો નથી.
- ઓનલાઇન ભણવામાં મુશ્કેલી પડે છે, નેટવર્ક જતું રહે છે, રિચાર્જ વારંવાર કરવું પડે છે, લાઈટ નથી હોતી, નેટવર્કનો પ્રોબ્લેમ હોય છે.
- ઓનલાઇન શિક્ષણ સમજાતું નથી.
- વાલીઓ બાળકોને ફોન ન આપે તો બાળકો વાલીને ધમકી આપે છે.
- કોરોના મહામારી દરમ્યાન લોકડાઉન હોવાના કારણે આર્થિક તંગી અનુભવાતી હતી અને તેના કારણે ઘરનું વાતાવરણ તંગ કે તનાવપૂર્ણ રહેતું હતું.
- હજુ પણ ઘણાં પરિવારોમાં છોકરીઓને ઘરની બહાર અથવા વિસ્તારની બહાર નીકળવા માટે વાલીની મંજૂરી લેવી પડે છે અથવા જવા દેતા નથી.

આ અભ્યાસમાં બાલસેનાના ૧૮૪ બાળકો, બાલસેનાના ભૂતપૂર્વ 30 બાળકો, બાલસેનામાં ન જોડાયા હોય તેવા ૯૬ બાળકો, તેમજ ૩૫ શિક્ષકો અને ૯૮ માતા-પિતા મળીને ૪૪૩ વ્યક્તિઓ જોડાયા હતા.

શૈશવ

આ અભ્યાસ બાલસેનાના આગળના આયોજન અને કાર્યક્રમો કેવા હોવાં જોઈએ તેને માટે માર્ગદર્શક બની રહ્યો છે. અન્યોને પણ શીખવા મળે તે માટે અભ્યાસની વાત વિસ્તારથી મુકી છે.

બાલસેના કાર્યક્રમ હેઠળ શહેરના ૨૦ વિસ્તારો તથા ૧૩ શાળાઓને આવરી લેવામાં આવી છે, અહીંયા દર અઠવાડિયે બાળકોને તેમના ઘર આંગણે અનેકવિધ મુદ્દાઓને પ્રવૃત્તિ અને અનુભવ આધારિત પદ્ધતિ દ્વારાની કેળવણી આપવામાં આવે છે. લગભગ સપ્ટેમ્બર-૨૧ પછી પ્રવૃત્તિઓ શરુ થઇ હતી, તેમાં મુખ્યત્વે બાળ અધિકાર, સંગઠન, નેતૃત્વ, સમસ્યાના ઉકેલ જેવા જીવન કૌશલ્યોના મુદ્દાઓ ઉપરાંત ધો.૪ થી ૮ના અભ્યાસક્રમના વિષયોને પણ ટેબલેટના માધ્યમથી શીખવવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત એક દિવસીય તાલીમ શિબિરો ઉપરાંત તરુણાવસ્થા દરમ્યાન થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારોને લઈને મોટા બાળકો સાથે પ્રવૃત્તિઓને આધારિત અનેકવિધ મુદ્દાઓને આવરી લઇ વૈજ્ઞાનિક માહિતી અને અભિગમ બાળકોને શીખવવામાં આવે છે.

<u>લોકશાહીનું શિક્ષણ....ચૂંટણી...</u>

ગત વર્ષે બાલસેનામાં લોકશાહીના મૂલ્યનો બાળકોને અનુભવ કરાવવાના હેતુથી બાલસેના અધ્યક્ષ-ઉપાધ્યક્ષની વિશિષ્ટ ચૂંટણીઓ કોરોનાના લીધે યોજી શકાય ન હતી, પરંતુ આ વર્ષે મોડું પણ કરી શકયા. આ ઉપરાંત સૌની સાથે ચર્ચાઓ કરી દરેક વિસ્તારોમાં જુદાં જુદાં પ્રકારની બાળ સમિતિઓની રચના પણ કરવામાં આવી હતી. બાલસેનાના અધ્યક્ષ તરીકે યશપાલ (મારુતીનગર વિસ્તાર) તથા ઉપાધ્યક્ષ તરીકે રવિ (ખારો વિસ્તાર) ચૂંટાયાં હતાં. જો કે તેઓનો કાર્યકાળ પ્રમાણમાં ટૂંકો રહ્યો.

માતા સંમેલન

૮ માર્ચ આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિતે બાલસેનાના બાળકોની માતાઓનું વિશેષ સંમેલન યોજવામાં આવ્યું હતું. તેઓની સાથે શૈશવ-બાલસેનાના કાર્યો, મહિલા અધિકાર અને બાળ ઉછેર અંગે વાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે સંકલિત બાળ વિકાસ યોજનાના જીલ્લા અધિકારી શ્રી સાવિત્રીબહેન નાથજી ઉપસ્થિત રહ્યાં હતાં.

<u>બાળ અધિકાર સપ્તાહ</u>

૧૪ થી ૨૦ નવેમ્બર દરમ્યાન બાળ અધિકાર સપ્તાહની ઉજવણી દરમ્યાન વિસ્તારોમાં શેરી નાટક અને જાગૃતિ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ અગ્રેસર ભાગ ભજવ્યો હતો.

બાલસેનાના પ્રતિનિધિ બાળકો રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે અનેકવિધ કાર્યક્રમો, તાલીમો કે અધિવેશનોમાં ભાગ લેતા હોય છે, આ વર્ષે રાષ્ટ્રીય સ્તરે તથા રાજ્ય સ્તરે આયોજિત કાર્યક્રમોમાં ૧૧ બાળકોએ પ્રતિનિધિત્વ કર્યું હતું.

વેનલીડો

સંસ્થા દ્વારા કિશોરીઓના સશક્તિકરણની સાથોસાથ સુરક્ષાના મુદ્દાને પ્રાધાન્ય આપી બાલસેનામાં જોડાતી તથા અન્ય કિશોરીઓને 'વેનલીડો' ની તાલીમ આપવામાં આવતી હોય છે આ વર્ષે કુલ ૨૯૮ કિશોરીઓને વેનલીડોની તાલીમ આપવામાં આવી હતી.

<u>સર્વે</u>

ભાવનગર શહેરને અડીને આવેલ સીદસર-શામપરામાં આવેલ વિશિષ્ટ જરૂરિયાતવાળા વિસ્તારનો સર્વે કરવામાં આવ્યો હતો. અહિયાં બાળકો શાળામાં વિશેષ અનિયમિત છે, મજૂરી કરે છે, ભીખ માંગવાનું કાર્ય કરે છે કે પછી માત્ર રખડ્યા કરે છે તેમજ તેઓના સંઘર્ષશીલ જીવન અને સુરક્ષાના મુદ્દાને લઈને અહીંયા પણ કેન્દ્ર શરુ કરવામાં આવ્યા છે. વાલીઓ તથા બાળકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

<u>રમતોત્સવ</u>

બાલસેના ૨૦ વિસ્તારોમાં કાર્યરત છે, તેને મુખ્યત્વે ૪ ઝોનમાં વહેંચ્યા છે. આ ૪ ઝોનમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૭૯ બાળકોએ ભાગ લીધો હતો.

શૈશવ

## આંકડાકીય માહિતી

(A) સંસ્થાના કાર્યકરો દ્વારા બાળકો સાથેની પ્રવૃત્તિઓ

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | વિસ્તારના બાળજૂથો સાથેની અઠવાડિક પ્રવૃત્તિઓ / ટેબલેટ દ્વારા શિક્ષણ | ૪૯૦ | ૨૩૩૧ | ૧૮૮૬ | ૪૨૧૭ |
| ૨ | વિસ્તારના બાળજૂથોની સંયુક્ત પ્રવૃત્તિઓ | ૪ | ૧૨૬ | ૧૩૧ | ૨૫૭ |
| ૩ | એક દિવસ તાલીમ શિબિર | ૮ | ૯૧ | ૮૩ | ૧૭૪ |
| ૪ | કિશોરાવસ્થા જાગૃતિ પ્રવૃત્તિ કાર્યક્રમો | ૩૩ | - | ૪૩૭ | ૪૩૭ |
| ૫ | વેનલીડો-સ્વ રક્ષણ તાલીમ (કિશોરીઓ માટે) | ૧૪ | - | ૨૯૮ | ૨૯૮ |
| ૬ | બાળમેળા | ૮ | ૨૩૬ | ૨૧૩ | ૪૪૯ |
| ૭ | રમતોત્સવ | ૪ | ૧૬૪ | ૧૧૫ | ૨૭૯ |
| ૮ | રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ | ૧ | ૪ | ૭ | ૧૧ |

(B) બાળકો દ્વારા બાળકો સાથેની પ્રવૃત્તિઓ

| ક્રમ | કાર્યક્રમની વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | બાળકો દ્વારા કાર્યક્રમો | ૬ | ૪૦૦ | ૨૮૯ | ૬૮૯ |
| ૨ | બાલસેના કાઉન્સિલ/સક્રિય સભ્યોની મિટિંગ | ૭ | ૧૩૭ | ૧૩૦ | ૨૬૭ |
| ૩ | વિસ્તારમાં બાળકો દ્વારા બાળકો સાથે મિટિંગ | ૨૪ | ૨૮૯ | ૨૨૫ | ૫૧૪ |
| ૪ | પ્રવાસ-પર્યટન | ૨૦ | ૩૨૬ | ૨૭૭ | ૬૦૩ |

આપણે ક્યારે શીખીશું, ક્યારે દુનિયાના લોકો ઉભા થશે ને કહેશે બસ, બહુ થયું, પ્રભુએ આપણને હળીમળીને રહેવા માટે સર્જ્યા છે, એકબીજા માટે સર્જ્યા છે. આપણને વિશેષ જાતિઅભિમાન માટે નહીં, પરંતુ પારસ્પારિક્તા માટે સર્જ્યા છે.

- ડેસમન્ડ ટુટુ

# ચાઈલ્ડ હેલ્પ લાઈન-૧૦૯૮

કોવિડ-૧૯ના કારણે લોકડાઉન કે પછી ઘણી પ્રવૃત્તિઓ-કાર્યો સ્થગિત હતા. ત્યારે પણ ચાઈલ્ડ હેલ્પ લાઈન-૧૦૯૮ની સેવાઓ ઈમરજન્સી સ્વરૂપે ૨૪ કલાક અને સાતેય દિવસ શરૂ રાખવામાં આવી હતી.
આયોજન પ્રમાણે આઉટરિચ કે ઓપન હાઉસ જેવી પ્રવૃત્તિઓ વર્ષની શરૂઆતમાં બંધ રાખી હતી, અને પરિસ્થિતિ હળવી થતા શરુ કરી હતી.

જે સવિશેષ કાર્ય કરવામાં આવ્યું અને જેમાં ચાઈલ્ડ હેલ્પ લાઈનના કાર્યકરો ઉપરાંત સંસ્થાના તમામ કાર્યકરો જોડાયા તે હતું – કોરોનાના કારણે અનાથ બનેલ કે એકલ માતા-પિતાના બાળકો અને કુટુંબોને ઓળખવા અને માહિતી એકત્ર કરવી. કોરોનાની બીજી લહેર અત્યંત ઘાતક નીવડી હતી. અમે સૌએ ભેગા મળી પ્રો-એક્ટિવ નિર્ણય કર્યો અને આગળ વાત કરી તેમ આ ડેટા એકત્ર કરવાનું શરુ કર્યું. આંકડાકીય માહિતી કોઈ સ્તર પરથી મળતી ન હતી, આ માટે અમે તેનો નવીન ઉકેલ શોધ્યો. સમાચાર પત્રોમાં મૃત્યુનોંધ છપાય, એપ્રિલથી જૂન સુધીના સમાચાર પત્રો ભેગા કરી મૃત્યુનોંધોનું વિશ્લેષણ કરી, જ્યાં ભાઈ કે બહેન ૬૦ વર્ષથી નાના હોય અને કોઈપણ કારણથી મૃત્યુ થયું હોય તેવા કુટુંબો શોધ્યા. તેઓના બાળકો શું કરી રહ્યાં છે, શું પ્રશ્નો હોઈ શકે વગેરેને ધ્યાનમાં લઇ, મૃત્યુના કારણો શોધી કોરોનાના લીધે જીવ ગુમાવ્યો હોય તેવા કુટુંબો સુધી પહોંચ્યા. આ કુટુંબોની હોમ વિઝીટ કરી, તેઓના દુ:ખમાં ભાગીદાર થયા, પ્રાર્થના કરી અને માહિતી એકત્ર કરી. આ માહિતીને યોગ્ય રીતે ગોઠવી, જિલ્લા બાળ સુરક્ષા એકમ અને ચાઈલ્ડ વેલ્ફર કમિટીને મોકલવાનું શરુ કર્યું. આ માટેના જરૂરી ડોક્યુમેન્ટ્સ પણ ભેગા કરવાનું શરુ કર્યું હતું.

આ અંગે સરકારશ્રીમાં રજૂઆત પણ કરી હતી. જો કે પાછળથી પ્રધાનમંત્રીશ્રી તથા મુખ્યમંત્રીશ્રીની યોજનાઓ જાહેર થતાં માહિતી એકત્રિત કરેલી હોવાથી કુટુંબોને સહાય મળવામાં ઘણી અનુકુળતા થઇ હતી. આ અનુસંધાનમાં જિલ્લા બાળ સુરક્ષા એકમ, બાળ કલ્યાણ સમિતિ તથા જિલ્લા સમાજ સુરક્ષા એકમ વગેરેનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

અહીંયા આપણે આ પહેલ કરી તેવું પછી અન્ય જિલ્લાઓમાં કાર્યરત ચાઈલ્ડ હેલ્પ લાઈન દ્વારા પણ કામ કરવામાં આવ્યું હતું.

આ નૂતન પહેલના કારણે કોરોનામાં પિતા મૃત્યુ પામ્યાં તેવા ૧૯૫ બાળકો, માતા મૃત્યુ પામ્યાં હોય તેવા ૭૨ બાળકો તથા બંને મૃત્યુ પામ્યાં હોય તેવા ૧૪ બાળકોને હાલમાં સહાય મળી રહી છે, આ માટે આપણે ૬૦૦થી વધુ કુટુંબોનો ભાવનગર શહેર તથા જિલ્લામાં સંપર્ક કર્યો હતો.

## આંકડાકીય માહિતી :

| ક્રમ | કેટેગરી | કુલ | બાળકોની સંખ્યા | પુખ્તોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | શાળા | ૪૯ | ૧૨૫૮૯ | ૫૮૭ | ૧૩૧૭૬ |
| ૨ | કોલેજ | ૪ | ૪૧૩ | ૩૪ | ૪૪૭ |
| ૩ | આંગણવાડી (૧૪૨+૨) | ૧૪૪ | ૦ | ૨૧૦ | ૨૧૦ |
| ૪ | હોસ્ટેલ | ૧ | ૧૫૦ | ૨ | ૧૫૨ |
| ૫ | ઓપન હાઉસ | ૩૭ | ૮૦૧ | ૪૭૦ | ૧૨૭૧ |
| ૬ | આરોગ્ય કેન્દ્રો (૧૩+૧) | ૧૪ | ૦ | ૧૭૨ | ૧૭૨ |
| ૭ | બાળ સુરક્ષા સમિતિ મિટિંગ (૧૪૧+૧૦) | ૧૫૧ | ૫૮૮ | ૯૦૦ | ૧૪૮૮ |
| ૮ | આઉટરીચ | ૨૦૭૪ | ૧૦૯૫૨ | ૨૩૬૬૦ | ૩૪૬૧૨ |
| ૯ | ચાઈલ્ડ લાઈન સે દોસ્તી વીક | ૧૪ થી ૨૪ નવેમ્બર. ૪૩ પ્રોગ્રામ | ૩૩૩૯ | ૧૧૨૬૮ | ૧૪૬૦૭ |
| | કુલ | | ૨૮૮૩૨ | ૩૭૩૦૩ | ૬૬૧૩૫ |

શૈશવ

# વિવિધ પ્રકારના કેસની આંકડાકીય માહિતી

| ક્રમ | કેટેગરી | ૧૦૯૮ ફોન દ્વારા | આઉટરીચ દ્વારા | કુલ | નિરાકરણ | પેન્ડીંગ |
|---|---|---|---|---|---|---|
| ૧ | મેડીકલ | ૪ | - | ૪ | ૪ | - |
| ૨ | શેલ્ટર | ૧૩ | ૩૦ | ૪૩ | ૩૬ | ૭ |
| ૩ | શોષણ સામે રક્ષણ | ૧૫ | ૮ | ૨૩ | ૨૨ | ૧ |
| ૪ | બાળ ભિક્ષુક | - | ૨ | ૨ | ૨ | - |
| ૫ | બાળ મજૂરી | ૧૭ | ૪ | ૨૧ | ૧૫ | ૬ |
| ૬ | બાળ લગ્ન | ૪ | ૨ | ૬ | ૬ | - |
| ૭ | જાતીય સતામણી | ૩ | ૨ | ૫ | ૫ | - |
| ૮ | સ્પોન્સર શીપ | ૩ | ૧ | ૪ | ૩ | ૧ |
| ૯ | ગુમ થયેલ શોધેલ બાળકો | ૮ | ૫ | ૧૩ | ૧૩ | - - |
| ૧૦ | અન્ય | ૧૦ | ૯ | ૧૯ | ૧૭ | ૨ |
| ૧૧ | સરકારી સહાય | ૨૬ | ૩૧ | ૫૭ | ૪૮ | ૯ |
| ૧૨ | કાઉન્સેલીંગ | ૧૦ | ૨૩ | ૩૩ | ૩૨ | ૧ |
| ૧૩ | કોરોના (પિતા હયાત ન હોય) | ૫૧ | ૧૪૪ | ૧૯૫ | ૧૯૫ | - |
| ૧૪ | કોરોના (માતા હયાત ન હોય) | ૩ | ૬૯ | ૭૨ | ૭૨ | - |
| ૧૫ | કોરોના (માતા અને પિતા બંને હયાત ન હોય) | ૩ | ૧૧ | ૧૪ | ૧૪ | - |
| ૧૬ | અનાજની જરૂરિયાત | ૦ | ૪૦૦ | ૪૦૦ | ૪૦૦ | - |
| કુલ | | ૧૭૦ | ૭૪૧ | ૯૧૧ | ૮૮૪ | ૨૭ |

'તમે ખાલી પેટ ઉપર શાંતિ નિર્માણ કરી શકો નહીં.' એ દુ:ખદ
હકીકત છે કે આટલા સમય પછી પણ આ પૃથ્વી પર પણ આ પૃથ્વી પર બે દુનિયા છે,
'વિશેષાધિકૃતોની દુનિયા' અને 'ભૂલાયેલાઓની દુનિયા'.

- નોર્મન ઈ બૌલોંગ

શૈશવ

## બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર

બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર દ્વારા સંસ્થાના પોતાના કાર્યકરોની સજ્જતા અને ક્ષમતાવર્ધન માટે તાલીમો યોજાય અને સાથે સાથે અનુભવોના આદાન-પ્રદાનના અનુસંધાનમાં અન્ય સંસ્થાના કાર્યકરોને તાલીમ આપવાનું કાર્ય પણ નિયમિત થતું રહે છે.

કોરોના મહામારીની અસર ઓછી થતી ગઈ તેમ તેમ તાલીમના કાર્યો વિશેષ શરૂ થયા હતા.

<u>વેનલીડો</u>

આપ સૌ જાણો છો કે, શૈશવ દ્વારા કિશોરીઓના સ્વરક્ષણ અને સુરક્ષા માટે 'વેનલીડો' નો આંતરરાષ્ટ્રીય અભ્યાસક્રમ વિકસાવવામાં આવ્યો છે તેના અનુસંધાનમાં ઓનલાઈન તાલીમો યોજવી હોય તો શું કરવું તેને લઈને વેનલીડોના માસ્ટર ટ્રેનર્સની સાથે મે થી ઓગષ્ટ-૨૧ ના મહિના દરમ્યાન સંસ્થાના ટ્રેનર્સ પારૂલબહેન અને ઈશાબહેને વિશેષ ઓનલાઈન સત્રોના આયોજન દ્વારા અભ્યાસના મુદ્દાઓ-પ્રવૃતિઓ વગેરે તૈયાર કરવામાં આવ્યા હતા, આમ ઓનલાઈન તાલીમ યોજવાનું માળખું પ્રથમ વાર તૈયાર થયું હતું. ત્યારબાદ ઓનલાઈન તાલીમ પણ યોજવામાં આવી હતી, જેમાં દેશભરમાંથી અગાઉ વેનલીડોની તાલીમ લીધી હોય પણ પ્રમાણિત ન થયા હોય તેવા ૧૬ બહેનો જોડાયા હતા.

આ ઉપરાંત વેનલીડોની ડીસેમ્બર-૨૧ માં યોજાયેલ બેઝિક તાલીમમાં અન્ય સંસ્થાના 30 જેટલા કાર્યકરો જોડાયા હતા.

<u>અન્ય સંસ્થાઓ માટે શૈશવ દ્વારા તાલીમ</u>

તરુણાવસ્થામાં થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારોને ઓળખવા તથા આ અવસ્થા દરમ્યાન અનુભવાતી વિવિધ મૂંઝવણોના અનુસંધાનમાં સુરક્ષિત કેવી રીતે રહી શકાય તે માટે ગુજરાતની ૯ સંસ્થાના ૩૩ કાર્યકર ભાઈ-બહેનોને તાલીમકાર અંગેની તાલીમ શૈશવ દ્વારા ૧૩ થી ૧૮ જુલાઈ દરમ્યાન આપવામાં આવી હતી.

બાળ અધિકાર સમૂહ-ગુજરાત સાથે જોડાયેલ સંસ્થાઓના કાર્યકરો સાથે નિયમિત રીતે તાલીમ યોજાતી હોય છે તેના ભાગરૂપે ૧૬ સપ્ટેમ્બરના રોજ જીવન કૌશલ્યો અંગેની તાલીમ શૈશવ દ્વારા આપવામાં આવી હતી, જેમાં ૬૦ જેટલા કાર્યકરો જોડાયા હતા.

સુપ્રિમ કોર્ટ દ્વારા વિશાખા ગાઈડલાઈન જાહેર થયા પછી દરેક સરકારી વિભાગો તથા સંસ્થાઓમાં કામકાજના સ્થળે મહિલાઓની સુરક્ષા અંગે સમિતિ બનાવવાની હોય છે, આ સમિતિની ભૂમિકા, કાર્યક્ષેત્ર તથા જવાબદારીઓ અને આ શા માટે હોવી જોઈએ વગેરે બાબતો અંગે ભાવનગર જીલ્લાના વિવિધ સરકારી વિભાગોમાં કાર્ય કરતા બહેનો માટેની શિબિર કલેકટર ઓફિસમાં યોજવામાં આવી હતી. જેમાં શૈશવમાંથી પારૂલબહેને ઉપસ્થિત રહી વાર્તાલાપ આપ્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ વિભાગ અને વર્ગના ૮૦ બહેનો જોડાયા હતા.

જીલ્લા બાળ સુરક્ષા એકમ ભાવનગરના ઉપક્રમે આંતરરાષ્ટ્રીય બાળ દિન નિમિતે બાળ અધિકારો અને કાયદાઓ અંગેની જાગૃતિ શિબિર યોજાઈ હતી જેમાં બાળ કલ્યાણ સમિતિના સભ્યો, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના સભ્યો, જીલ્લાના પોલીસ ઇન્સ્પેક્ટર્સ તથા જુવેનાઈલ પોલીસ, રેલ્વે પોલીસ અને અન્ય સંસ્થાના કાર્યકરો જોડાયા હતા, આ શિબિરમાં શૈશવમાંથી ફાલ્ગુનભાઈએ ઉપસ્થિત રહી બાળ અધિકારોની વાત વિસ્તૃત રીતે સમજાવી હતી.

રાજ્યના જુદા-જુદા જીલ્લામાં કાર્યરત આરોગ્ય વિભાગના હેલ્થ એજ્યુકેટર્સની તાલીમ સેવા-રૂરલમાં યોજાઈ હતી, તેમાં જીવન કૌશલ્યના વિષય પર લગભગ ૬૦ કાર્યકરોને શૈશવમાંથી ફાલ્ગુનભાઈ અને ઈશાબહેને તાલીમ આપી હતી.

આ ઉપરાંત અન્ય સંસ્થાઓ, કોલેજ વગેરે સાથે તાલીમો, વાર્તાલાપ યોજાયા હતા જેની માહિતી પાછળ ટેબલમાં આપી છે:

<u>શૈશવના કાર્યકરોનું ક્ષમતાવર્ધન</u>

શૈશવમાં કાર્યરત કાર્યકરોની સજ્જતા અને ક્ષમતાવર્ધન માટે નિયમિત તાલીમ-વર્કશોપ વગેરેનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે વિશેષમાં શૈશવના આગામી ૫ વર્ષના સ્ટ્રેટેજીક પ્લાનિંગ માટે કોમિક રીલીફ યુ.કે. ના કન્સલ્ટન્ટ સુ.શ્રી. સારા લુડકેનું માર્ગદર્શન મળ્યું હતું, જેમાં સંસ્થાના કોર ગ્રુપના સભ્યો જોડાયા હતા, અને અંતે સ્ટ્રેટેજીક પ્લાનિંગ પેપર તૈયાર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સંસ્થાની કાર્યદક્ષતા, કાયદાઓના સંદર્ભમાં પરિપૂર્ણતા, વહીવટ અને સંચાલન વગેરેના અનુસંધાનમાં ધ્વનિ ફાઉન્ડેશન, બેંગ્લોર દ્વારા

શૈશવ

આયોજિત તાલીમમાં સંસ્થાના કોર ગ્રુપના સભ્યોએ ભાગ લીધો હતો.

વિશેષમાં ઓએસીસ સંસ્થા, વડોદરા દ્વારા સંસ્થાની સેકન્ડ કેડર લીડરશિપના નિર્માણ માટેની શિબિરોમાં શૈશવના સીનીયર કાર્યકરો આશિષ રાવળ, અલ્પેશ પરમાર તથા ઇશાબહેન સક્રિય ભાગ લઇ રહ્યા છે. આ શિબિરો ૪ વર્ષ માટે યોજાતી રહેવાની છે.

આ ઉપરાંત બાળ અધિકારો, બાળકોના કાયદાઓ, જીવન કૌશલ્યો, શેરી નાટક, બાળ અધિકાર સપ્તાહ, વિજ્ઞાન-ગણિત, બાળ સુરક્ષા સમિતિ, વિવિધ બાળ પ્રવૃતિઓ, ટેકનોલોજીની જીવન પર અસર, ઓનલાઈન સેફટી, શારીરિક-માનસિક અને ભાવનાત્મક ફેરફારો, સંગઠન, નેતૃત્વ જેવા અનેક વિષયો પર સંસ્થામાં તાલીમો યોજાતી રહી હતી, તાલીમ આપવાનું કાર્ય મુખ્યત્વે ફાલ્ગુનભાઈ, પારૂલબહેન, અલ્પેશભાઈ, પાર્થભાઈ, ઇશાબહેન તથા મીરાબહેન વગેરે એ સંભાળ્યું હતું.

વિશેષ માહિતી આ સાથેના ટેબલમાં સામેલ છે:

| ક્રમ | વિગત | તાલીમની સંખ્યા | તાલીમ લેનારની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ➢ **શૈશવના કાર્યકરોની તાલીમ**<br>- વિસ્તારનો સર્વે કેવી રીતે કરવો<br>- મુશ્કેલીમાં મુકાયેલા બાળકો સાથે સંવાદ<br>- જીવન કૌશલ્યો, બાળ પ્રવૃત્તિ પોથી<br>- ગાંધીમેળો, સંસ્થાની સજ્જતા, કોરટીમની સજ્જતા<br>- બાળ અધિકાર સપ્તાહ, શેરી નાટક<br>- બાળકોના કાયદાઓ<br>- તરુણાવસ્થામા થતા શારીરિક, માનસિક અને<br>- વેનલીડો, બાળ સુરક્ષા સમિતિ, વિજ્ઞાન, ગણિત<br>- સેકન્ડ કેડર લીડરશીપ<br>- ક્લાઉનિંગ વગેરે | ૩૨ | ૨૬ |
| ૨ | ➢ **શૈશવ દ્વારા અન્ય સંસ્થાઓની તાલીમ**<br>- બાળવિકાસ અને બાળકોના કાયદાઓ, બાળ મજૂરી અંગેનો કાયદો, તરુણાવસ્થાના ફેરફારો, વેનલીડો, જીવન કૌશલ્યો, લાઈફ કેમ્પ, શેરી નાટક, ભાષા, ગણિત, બાળ પ્રવૃતિઓ, વિજ્ઞાન, ક્રાફ્ટ, મૈત્રીની રમતો, મહિલા સુરક્ષા-જાતીય સતામણી (૪૦ ઉપરાંત સંસ્થાના કાર્યકરો સાથે) | ૧૭ | ૪૩૦ |

વિચારસરણીઓ, જાતિઓ અને રાષ્ટ્રોના અવરોધોથી પર
એવા અદ્રશ્ય પુલો છે જ્યાં લોકો માનવ તરીકે મળી શકે.

- દાગ હેમરશિલ્ડ

શૈશવ

## આરણ્યક કાર્યક્રમ

શૈશવ દ્વારા વધુ વંચિત ગામડાના અને આદિવાસી બાળકો સાથે શિક્ષણ-કેળવણીનું કાર્ય કરવાના હેતુથી 'આરણ્યક' કાર્યક્રમની શરૂઆત ડિસેમ્બર-૨૦૧૮ માં નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના ૬ ગામોમાં કરી હતી. તે આજે સતત વિકસતો-વિસ્તરી રહ્યો છે.

કોરોનાની અસર અહીંયા પણ થઇ હતી, લગભગ દોઢેક વર્ષ કાર્ય વિશેષ ના કરી શક્યા પરંતુ જરૂરિયાત વાળા કુટુંબોને રેશનકિટની સહાય પહોંચાડવા ઉપરાંત બાળકો અને કુટુંબોને હાઈજીનકિટનું વિતરણ કર્યું હતું.

આ ઉપરાંત બાળકો જાતે સ્વયં પ્રવૃત્તિમય રહે, શિક્ષણ મળતું રહે-આનંદમાં રહે તે માટે બાળ પ્રવૃત્તિપોથી ભાગ-૧ અને ૨ નું વિતરણ કર્યું હતું. આ પ્રવૃત્તિપોથીઓ બાળકોમાં અત્યંત લોકપ્રિય બની ગઈ છે. બાળકોએ ઉમળકાથી વધાવી લીધી હતી.

## બાળ મૈત્રીપૂર્ણ ગામ કાર્યક્રમ

બાળ મૈત્રીપૂર્ણ ગામ બને તેવા વિચાર સાથે સામરપાડા તથા સેજપુર ગ્રુપ ગ્રામ પંચાયતના ૧૪ ગામોમાં શાળા સમય પહેલા અને પછી બાળકો સાથે પ્રવૃતિ કેન્દ્રો શરુ કરવામાં આવ્યા છે-અહીંયા બાળકો સાથે શૈક્ષણિક ઉપરાંત જીવન કૌશલ્યો અને વિકાસની અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

